# સુગરી

– અનંત ઝવેરી

સુગરી દેખાવે ચકલીથી સહેજ મોટું પંખી છે. નર અને માદા દેખાવે સરખાં છે. પરંતુ સંવનનઋતુમાં નરના ગાલ, દાઢી અને ગળું ભૂખરા રંગનાં થઈ જાય છે. તેનું માથું, ગળાની નીચેનો ભાગ અને છાતી પીળા રંગનાં છે તેની પીઠ, પૂંછડી અને પાંખ કથ્થાઈ રંગની છે. ચાંચ ચકલીની ચાંચથી જાડી છે. નરની ચાંચ કાળી અને માદાની કથ્થાઈ ગુલાબી રંગની હોય છે.

પંખી–જગતમાં ઉત્તમ માળા બાંધતાં પંખીઓમાં એક છે સુગરી. 'સુઘરી' એટલે કે સારું ઘર બાંધનારું પંખી પણ કહેવાય છે. ઉનાળો ઊતરતાં મે અથવા જૂનમાં સૂગરી માળો બાંધવાની શરૂઆત કરે છે. સુગરી સમૂહમાં માળા બાંધનારું પંખી છે. ઓછામાં ઓછા ચાર–પાંચથી માંડીને સો–દોઢસો જેટલા માળા એકસાથે બાંધીને વસવાટ કરે છે. તેનો માળો કારીગરીનો ઉત્તમ નમૂનો છે. માળામાં જવાનું દ્વાર નીચેથી રાખે છે. ઉપરથી નીચે જાડી–પાતળી નળીઓ અને વચ્ચે ગોળાકારમાં તેનો માળો બન્યો હોય છે. બાંધવામાં લીલું ઘાસ, જુવાર–બાજરીની લીલી છાલ, ડાંગર, વાંસ, દાભના લીલા પાનમાંથી પાતળી ચીરીઓ કરી લાવે છે. તેના તાણાવાણા ગૂંથી તે માળો બનાવે છે. સુગરી પોતાનો માળો ડાળી સાથે એટલો મજબૂતાઈથી ગૂંથી દે છે કે ગમે તેવા પવનના સપાટાથી પણ તે પડી જતો



નથી. વરસાદમાં તેની અંદર એક ટીપુંય પડતું નથી. માળો બાંધતી વખતે સુગરી બહુ કલબલાટ કરે છે. નર એ માળો બાંધવાની ક્રિયા કરે છે માળો બંધાયેલો જોઈ માદા નર સાથે જોડાય છે.

સુગરી ઘણું કરીને કાંટાળા ઝાડોની પાતળી ડાળીના છેડે તાડી જેવા ઊંચા ઝાડની ટોચ પર પોતાના માળા બાંધે છે, જેથી વાંદરા કે સાપ ત્યાં સુધી પહોંચવાની હિંમત ન કરે. માળો પહેલાં લીલા ઘાસમાંથી બાંધે છે. પણ ધીમે ધીમે તેમાંનું ઘાસ સુકાઈને પીળું પડી જાય છે. માદા માળામાં ૩–૪ સફેદ ઈંડા મૂકે છે. માદા ઈંડા સેવવા બેસે છે.

ખોરાકમાં તે અનાજના દાણા અને જીવાત પણ ખાય છે.

■